

# મનમોહક મધુર સંગીતના બાદશાહ મદન મોહન



સલામ બૉમ્બે
ભાવના સોમૈયા
bhawnasomaaya@gmail.com

મદન મોહનના પરિવારે ૨૫મી જૂન, ૨૦૦૯ના રોજ તેમનો ૮૫મો જન્મદિન તેમના જીવન અને કવનને સમર્પિત વેબસાઈટ શરૂ કરીને ચૂપચાપ ઊજવ્યો હતો.

અમુક વર્ષો અગાઉ યશ રાજ મ્યુઝિકે 'વીર ઝારા'નો સાઉન્ડ ટ્રેક તેમ જ પારંગત મદન મોહને રચેલી વણવપરાયેલી ધૂનને પણ રિલીઝ કરી હતી. યશ રાજ મ્યુઝિક હવે લતા મંગેશકર, આશા ભોસલે, મોહમદ રફી, તલત મહેમૂદ અને કિશોરકુમારના દંતકથા સમાન અવાજોમાં ગવાયેલાં મદન મોહનના જીવનકાળ દરમિયાન રેકર્ડ થયેલાં, પરંતુ રિલીઝ નહીં થયેલાં તેમનાં ગીતોનો આલબમ 'તેરે બગૈર' રિલીઝ કરી રહી છે.

મદન મોહન લગભગ પાંત્રીસ વર્ષ પૂર્વે અમુક રીતે ખ્યાતિ પામ્યા વિના અવસાન પામ્યા હતા, પરંતુ પછીના દાયકાઓમાં આ સંગીત દિગ્દર્શકના પુત્રો સંજીવ અને સમીર કોહલીએ તેમની હૃદયવેદનાનું સાટું વાળ્યું છે.

મદન મોહનની ૫૦મી સંવત્સરી નિમિત્તે પરિવારે તેઓના દંતકથા સમાન પિતાને અંજલિરૂપે મંત્રમુગ્ધ કરનારો કાર્યક્રમ યોજ્યો હતો. તે જૂની યાદોને વાગોળનારી સાંજ હતી, જેમાં અનેક પેઢીઓના કલાકારોએ હાજરી આપી હતી. જૂના જમાનાની ગાયિકા સુરૈયાએ મદન મોહનની શરૂઆતની રચનાઓને પોતાનો કંઠ આપ્યો હતો, ઉપરાંત લતા મંગેશકર, આશા ભોસલે અને યુવાન પેઢીનાં અલ્કા યાજ્ઞિક અને સુદેશ ભોસલેએ પણ ગીતો ગાયાં હતાં.

મદન મોહનની સાથે અનેક ફિલ્મો કરી ચૂકેલા દિગ્દર્શક મોહન કુમારે તેમણે સાથે વિતાવેલા સમયના રમૂજી પ્રસંગોની યાદ તાજી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે નવી ફિલ્મના નિર્માણ દરમિયાન તેઓ હંમેશાં અસંમત રહેતા હતા તથા અનેક ગીતોના રેકર્ડિંગ અગાઉ લાગણીવશ બનીને દલીલો કરતા હતા. આવી એક ફિલ્મ 'અનપઢ' હતી, પરંતુ 'આપકી નઝરોંને સમઝા...'ના રેકર્ડિંગ બાદ તેઓ બન્ને એટલી હદે આનંદવિભોર બન્યા હતા કે આંખમાં લગભગ ઝળઝળિયાં આવી ગયાં હતાં.

સંગીત દિગ્દર્શક ખૈયામે એવો ઘટસ્ફોટ કર્યો હતો કે મદન મોહન મિત્રના ઘરે તેમના પ્રવેશની જાહેરાત કરવા માટે વિશેષ ડૉરબેલ ધરાવતા હતા અને દરેક જણ તેમની મુલાકાતની રાહ જોતું હતું, કારણકે તેઓ માત્ર ભવ્ય વ્યક્તિ જ નહોતા, પરંતુ સંગતનો લહાવો માણી શકાય એવી હસ્તી હતા. તેમની સાથે સમય વિતાવવો અને તેમનું સંગીત સાંભળવું મોટો લહાવો હતો. આશા ભોસલેને બોલવાનો વારો આવ્યો ત્યારે તેમણે એવી જાણ કરી કે ભિંડીગોશ ખાવાનો તેમને ખૂબ જ શોખ હતો અને તેમના મિત્રો માટે જાતે રાંધતા હતા, પરંતુ મિત્રો સમક્ષ જે વાત જાહેર નહોતા કરતા એ વાત એવી હતી કે મસાલાની સાથે તેઓ શરાબ ભેળવતા હતા.

પિતા વિશે બોલવાનો જ્યારે સંજીવ કોહલીનો વારો આવ્યો ત્યારે તેણે લાગણીપ્રધાન પ્રવચન કર્યું. મહાન પિતાઓનાં તમામ સંતાનોની જેમ તેણે કહ્યું કે એ કમનસીબ બાબત છે, પરંતુ મારા પિતાના મૃત્યુ પછી જ હું તેમની મહાનતાને જાણી શક્યો. ખરેખર મહાન પિતા ધરાવવાના સદ્ભાગ્યને હું ઓળખી શક્યો નહોતો. તેમની મહાનતાની અમને જાણ નહીં થવા દેવા બદલ અમુક હદે તેઓ પણ જવાબદાર હતા. આજે જ્યારે તે વિશે હું વિચારું છું ત્યારે મને એવું 'લાગે છે કે તેમની મહાનતાથી અમને વાકેફ કરવાનો કમ સે કમ મારી માતાએ પ્રયાસ કરવો જોઈતો હતો. મારું માનવું છે કે તેમણે પ્રયાસ નહોતો કર્યો, કારણકે અમે સામાન્ય-રાબેતાનું બાળપણ ધરાવીએ એવું તેઓ ઇચ્છતાં હતાં, જેવું બાળપણ અમે ધરાવતા હતા, આટલાં બધાં વર્ષો વીતી ગયા બાદ પણ અમુક ક્ષણો મારી સ્મૃતિમાં જડાયેલી છે.

મને બરોબર યાદ છે કે એક રવિવારની સવારે નજીકની ક્લબમાં મિત્રો સાથે અમે સ્વિમિંગ કરવા ગયા હતા. તે ઉનાળાની ભરબપોર હતી અને મારો ભાઈ તથા હું સ્વિમિંગ પૂલમાં છબછબિયાં કરી રહ્યા હતા ત્યારે એક મિત્ર ધૂઆંપૂઆં થઈને આવ્યો અને દરેક જણની સામે જોરથી બોલ્યો કે મારા પિતા પાગલ બની ગયા છે. તરત જ સ્વિમિંગ પૂલમાંથી મેં બહાર છલાંગ મારી અને મારા પિતા જ્યાં બેઠા હતા એ ભણી આગળ વધ્યો. તેઓ ત્યાં તેમની મંડળી સાથે બેઠા હતા અને જોનારાઓની પરવા કર્યા વિના મોટા અવાજે ગાઈ રહ્યા હતા. સ્વાભાવિકપણે મારો ભાઈ અને હું શરમમાં મુકાયા અને તેમના મિત્રોની સામે તેમને કહ્યું કે અમને શરમ આવે છે. તેઓ જરાય ચલિત નહીં થયા, અમારા ભણી પ્રેમાળ નજરે જોયું અને કહ્યું, 'બહોત છોટે હો... અબ નહીં સમજોંગે...'

તેઓ સાચા હતા હું અને મારો ભાઈ એ ક્ષણને સમજી શકીએ એટલા પરિપક્વ નહોતા, અનેક વર્ષો બાદ એ ક્ષણનું મહત્ત્વ અમને સમજાયું. અહીં એક વિલક્ષણ વ્યક્તિ જાદુઈ ક્ષણને તાબે થઈ રહી હતી, તેની સર્જનાત્મક ઇચ્છાને શરણે થઈ રહી હતી અને ઇતિહાસ સર્જી રહી હતી અને અમે, તેમનાં પોતાનાં સંતાનો તેમની સર્જનશક્તિથી શરમ અનુભવી રહ્યાં હતાં. આજે જ્યારે એ વાતનો વિચાર કરું છું ત્યારે મારી જાત પર શરમ આવે છે. હું તેમને આવું કઈ રીતે કહી શક્યો ? હું કેવી રીતે આટલો બધો અનુમાન બાંધનારો બની શકું અને મારા આક્રોશની સંપૂર્ણપણે પરવા કર્યા વિના તેઓ કેટલા બધા ઉદાર-કૃપાળુ હતા... એ ક્ષણને હું ભુલાવી નહી શક્યો અને આટલાં વર્ષો વીતી ગયા બાદ પણ આ યાદ મને ડંખે છે. કદાચ ઘડિયાળનો કાંટો ઊંધો ફેરવીને (સમયને ઊલટાવીને) હું તેમની માફી માગી શકતે...

બીજો એક પ્રસંગ પણ છે, જેને હું કદી ભૂલી નહીં શકું. શાળાનો 'એન્યુઅલ ડે' હતો અને અમે તેમાં હંમેશાં વિવિધ પ્રકારના મનોરંજન કાર્યક્રમ યોજતા હતા. એક ચોક્કસ વર્ષે એક કાર્યક્રમમાં ગાયક તરીકે મેં ભાગ લીધો હતો. મારું ગીત પસંદ કરવાનો મને વિકલ્પ અપાયો હતો અને મેં 'સૂરજ' ફિલ્મનું 'બહારોં ફૂલ બરસાઓ...' ગીત પસંદ કર્યું હતું. મારાં માતા-પિતા પણ ઑડિટોરિયમમાં હતાં અને જ્યારે

(અનુસંધાન પૂર્તિ પાનું ૬)

(પૂર્તિ પાના ૮થી ચાલુ)

## મનમોહક મધુર સંગીતના ...

હું માઈક્રોફોન સમક્ષ ઊભો થયો ત્યારે હર્ષનાદ વડે મને વધાવી લીધો. કાર્યક્રમ બાદ અમે કારમાં ઘરે પાછા ફરી રહ્યા હતા ત્યારે પિતાએ મને બિરદાવ્યો. હું ગેલમાં આવી ગયો અને મોટા અવાજે ગાવા માંડ્યો. તેમણે ઉદાસ નજરે મારી સમક્ષ જોયું અને કહ્યું 'તુમ ભી...' આ બે શબ્દોની વેધકતાથી હું વર્ષો સુધી ઘવાયેલો રહ્યો. મારા પિતા પ્રત્યે હું શા માટે આટલો બધો અસંવેદક બની રહ્યો હતો... તેમની રચનામાં મેં કેમ ગર્વ નહીં લીધો અને મારા વિશેષ દિન માટે બીજા રચૈયતાને કેમ પસંદ કર્યા... મારાં માતા-પિતાએ કેમ મને ઠપકો નહીં આપ્યો...?

આટલી બધી પળો, આટલી બધી યાદો અને તમામ કોઈ પણ ઉકેલ વિનાની... જીવન સૌથી મોટું શિક્ષક છે અને સફળતા અતિકીમતી આભૂષણ છે. મારા પિતા સર્વોત્કૃષ્ટ કાબેલિયત ધરાવતા હતા, પરંતુ સફળતા હંમેશાં તેમનાથી દૂર રહી હતી. આથી તેઓ ખૂબ જ વ્યથિત હતા, પરંતુ દૃઢપણે આગળ વધતા રહેવાની હિંમત ધરાવતા હતા. સંતાનો તરીકે અમે તેમને કદી હિંમત હારેલા નહોતા જોયા. અમારું ઘર હંમેશાં સંગીત, લોકો અને પ્રશંસાથી હર્યુંભર્યું રહેતું હતું. વિવેચકો તેમની ભરપૂર પ્રશંસા કરતા હતા, પરંતુ તેમણે જવલ્લે જ કોઈ એવૉર્ડ જીત્યા હતા. ક્વચિત જ તેમનામાં અમને આત્મવિશ્વાસનો અભાવ જણાતો, પરંતુ તે છતાં તેઓ કદી કટુતા દર્શાવતા નહોતા અને તેમના હરીફો પણ તેમની ધૂનોને વખાણે છે એ હકીકતમાંથી દિલાસો મેળવતા હતા.

પોતાના સાથીઓ અને વિવેચકો દ્વારા એક સૂરમાં પ્રશંસા પામેલા રચૈયતા મદન મોહનને કદી મોટા એવૉર્ડો વડે નહીં નવાજાયા એ હકીકત વિચિત્ર ભાસે છે. તેમને એક અને એકમાત્ર રાષ્ટ્રીય એવૉર્ડ 'દસ્તક' ફિલ્મ માટે મળ્યો હતો અને તે પણ તેમની કારકીર્દીનાં છેવટનાં વર્ષોમાં, જ્યારે હકીકત એવી છે કે તેમની કારકીર્દી અનેક અમર ગીતોનો સંગ્રહ છે. તેઓ બહુપ્રસુ કલાકાર હતા અને શુદ્ધ શાસ્ત્રીય સંગીત માટે તેમના પર આધાર રાખી શકાતો હતો. 'મૈંને રંગ દી આજ ચુનરિયા...', 'જિયા લે ગયો જી મોરા સાંવરિયા...' અને 'મેરા સાયા' ફિલ્મનું 'ઝુમકા ગિરા કે...' જેવાં સત્ત્વહીન ગીતો પણ તેમણે આપ્યાં હતાં.

સાઠ વર્ષ પૂર્વે એક યુવાન છોકરો ભારતીય સૈન્યમાંથી નોકરી છોડીને તેનું સ્વપ્ન સાકાર કરવા માટે લખનઊમાં ઑલ ઇન્ડિયા રેડિયોમાં જોડાયો ન હોત તો શું થતે એવી આપણને શંકા જાગે. ચાળીસના દાયકાનો ઉનાળો હતો અને એ યુવાન છોકરો એ જમાનાના સંગીતના પારંગતો વડે અંજાયો હતો, તેણે બેગમ અખ્તર, બરકત અલી સાહબના આલબમો સાંભળ્યા અને તેમની વચ્ચે સ્થાન પામવાનું સ્વપ્ન જોયું. મદન મોહનની રચનાઓમાં આ પારંગતોના પ્રભાવ પ્રતિબિંબિત થાય છે, પછી તે 'ઉનકો યે શિકાયત હૈ કે હમ કુછ નહીં કહેતે...' હોય કે પછી 'આજ સોચા તો આંસુ ભર આયે...' 'હમ પ્યાર મેં જલનેવાલોં કો ચૈન કહાં, આરામ કહાં...' હોય.

હું આ લેખ લખી રહી છું ત્યારે એ હકીકતને નકારી નહીં શકાય કે હિન્દી ફિલ્મોમાં ગઝલને સ્થાન આપવાનું શ્રેય મદન મોહનને જાય છે, કારણકે તેમનાં સદાબહાર ગીતો (ગઝલો)ને ખાસ કરીને 'અનપઢ' ફિલ્મનું 'આપ કી નઝરોં ને સમઝા...'ને કોણ ભુલાવી શકે.

હિન્દી ફિલ્મોમાં સારા સંગીતને જ્યાં સુધી બિરદાવાતું રહેશે ત્યાં સુધી આપણે મદન મોહનને હંમેશાં યાદ કરતા રહેશું.